કેસ રજુ થતા તા. :-૩૦/૭/૧૨.

કેસ રજી. નોંધ્યાતા.:-૩૦/૭/૧૨.

કેસ ફેંસલ થયા તા:-૨૦/૮/૨૦૧૯

સમયગાળો :-વર્ષ માસ દિવસ

**અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૭, અમદાવાદ.**

ક્રિમિનલ કેસ નંબર. : ૧૮૮૮/૧૨.

આંક:-૯.

ફરિયાદી .........શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

આરોપી........ મહેન્દ્રકુમાર જાદવજી કાલરીયા,ઉવ.પુખ્ત.
રહેવાસી: સી/૪૦, મુકતાનંદપાર્ક, જામફળવાડી,
સી.ટી.એમ. રામોલ, અમદાવાદ શહેર.

**ગુનો :-** ઈ.પી.કો.કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા
એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબ.

**વકીલશ્રીઓ:-**

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ત્રીવેદી.
બચાવપક્ષે વિ.વકીલશ્રી ડી.એ. ચૌહાણ.

**-: ચુ કા દો :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત મુજબ, આ કામના આરોપીએ તા.૬/૭/૧૨ ના કલાક:૧૭/૦૦ વાગે પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી નં. જી.જે.૧. એચ.ઈ. ૯૦૮૩ ની સી.ટી.એમ. વેરા તરફથી બેદરકારી, પુરઝડપે, ગફલતભરી રીતે ચલાવી લાવી જનતાનગર તલાવડી સામે રામોલ રોડ ઉપર ફરીયાદીની ભાડે કરેલ ઓટો રીક્ષા નં.જી.જે.૧. બી.ઝેડ.૨૮૪૧ને ટકકર મારી અકસ્માત કરી રીક્ષા પલટી ખવડાવી ઈજા કરી ગુનો કરેલ હોવા સબંધે નોંધાયેલ ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું ચાર્જશીટ રજુ થવા પામેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા આ કામના આરોપીને સમન્સ જારી કરતા તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતા તમામ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરી આંક–૨ થી આરોપીનું નિવેદન નોંધતા તેઓએ ગુનાનું ઈન્કાર કરતા કામ ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામા આવેલ.

આ કામે ચાલુ કાર્યવાહીએ પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતા આંક–૩ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે અને આંક–૪ થી ફરીયાદી જેનબબીબી મુસ્તાક કરીમ શેખની જુબાની રેકર્ડ કરેલ છે. આંક–૫ થી ફરીયાદીની ફરીયાદ અને આંક–૬ થી સાહેદ શેખ મહંમદ બાસીત મુસ્તાક કરીમની જુબાની, તથા આંક–૭ થી ગુનાવાળી

જગ્યાનુ પંચનામુ રજુ છે.

ત્યારબાદ, ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ, આંક-૮ થી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલો જાહેર કરતા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. ત્યારબાદ આ કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૪) ઉપરોકત રજુઆત તથા રજુ પુરાવો ઘ્યાને લેતા કેસના ન્યાયીક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: <u>મુ દ્દા ઓ</u> :-**

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના આરોપીએ આરોપીએ તા.૬/૭/૧૨ ના કલાક:૧૭/૦૦ વાગે પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી નં. જી.જે.૧. એચ. ઈ. ૯૦૮૩ ની સી.ટી.એમ. વેરા તરફથી બેદરકારી, પુરઝડપે, ગફલતભરી રીતે ચલાવી લાવી જનતાનગર તલાવડી સામે રામોલ રોડ ઉપર ફરીયાદીની ભાડે કરેલ ઓટો રીક્ષા નં.જી.જે.૧. બી.ઝેડ.૨૮૪૧ને ટકકર મારી અકસ્માત કરી રીક્ષા પલટી ખવડાવી ઈજા કરી ગુનો કરેલ ઈ. પી. કોડ કલમ :૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ:૧૭૭,

૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

: ૨ : શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

: ૧ : નકારમાં

: ૨ : આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત નિર્ણયોના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**-: <u>કા ર ણો</u> :-**

**<u>મુદ્દા નં.૧.</u> :-**

(૭) ફરીયાદપક્ષે ફરીયાદી શેખ જેનબબીબી મુસ્તાક કરીમ તેમની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે બનાવના દિવસે તેઓ તથા તેમનો દીકરો મોહંમદ બાસીત બંને જણા સુફી ઉસ્માનમીયાના ઘરે ગયેલ અને ત્યા તેમનુ ધાર્મીક કામર્ય પુરુ કરી પરત જુહાપુરા જવા જતા રીક્ષાને એક ફોર વ્હીલ ગાડીએ ટકકર મારતા તેમની રીક્ષા પલટી ખાઈ ગયેલ તેમને અને તેમના દીકરાને ઈજા થયેલ, આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલ અને સારવાર માટે હોસ્પીટલ લઈ ગયેલા અને બનાવ અંગેની ફરીયાદ નોંધાવેલ જે ફરીયાદમા તેમની સહી છે જે ફરીયાદ આંક-૫ થી રજુ છે. સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય એપીપીશ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ

છે ત્યારબાદ, બચાવપક્ષે ઉલટતપાસમા સ્વીકારે છે કે, અકસ્માત કરનાર ફોર વ્હીલના ચાલકને તેઓએ જોયેલ નહી, અને અકસ્માત કોની બેદરકારીથી બનેલ તે ચોકકસ કહી શકે નહી, તેમને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે.

– વધુમા, ફરીયાદપક્ષે આરોપીપક્ષે કબુલ કરતા આંક–૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ છે. પરંતુ, પક્ષકારો વચ્ચે સમાધાન રેકર્ડ ઉપર હોય રજુ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થઈ શકે તેમ નથી.

( ૯ ) આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. જેથી આ કામે ફરીયાદપક્ષે પંચો, તબીબી અધિકારી તથા પોલીસ સાહેદેને સોગંદ પર તપાસવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે તપાસેલ ઈજા પામનાર અને મહત્વના સાહેદે ફરીયાદપક્ષને સમર્થન આપે તેવી જુબાની રજુ કરેલ નથી. જેથી નહીં તપાસેલ સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલ હોત તો પણ ફરીયાદપક્ષના કેસના ગુણદોષ પર આવનાર પરીણામ પર વિપરીત અસર થાત નહીં. આમ, ઉપરોકત રજુ પુરાવો તથા પુરાવાનું કરેલ મુલ્યાંકન અને આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામાંના આક્ષેપીત કલમોના આવશ્યક તત્વો અને કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા આ કામના આરોપીએ પોતાના કબ્જાનું વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદી સાહેદને ઈજા પહોંચાડેલાનું શંકારહિત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ

નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨.પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે, તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ એ અન્વયે રુા.૫,૦૦૦/– ના જામીન આપવા.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૦/૦૮/૨૦૧૯.

( હિતેશ જે. તન્ના)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૭, અમદાવાદ.
**(GJ00955)**

rd PA